PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા–૦૪/૧૬–૧૭/ 1124 તા. 09/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મંજુલાબેન કાંતિલાલ પાબારી,
હવેલી શેરી,
ભાણવડ
મો: ૯૪૨૭૨ ૭૮૪૮૪

**વિષય :–લોડ વધારાની તફાવતીય રકમ બાબત**
સંદર્ભઃ– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦/ક્વા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,ભાણવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૩–૦૨–૧૭ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: મંજુલાબેન કાંતિલાલ પાબારી,ગામ: ભાણવડ,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે પરેશકુમાર કાંતિલાલ પાબારી હાજર રહેલ હતા.

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,ભાણવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામજોધપુર)

રજુઆત કરનાર :એમ.એન.ચૌધરી, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, જામજોધપુર

## : હુકમ :

**ફરીયાદ : લોડ વધારાની તફાવતીય રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ તેમના હૈયાત એવા જોડાણ નં.: ૩૨૮૦૧/૦૨૫૧૩/૫ મા તા:૦૪–૦૫–૦૧ થી, વીજભાર વધારો મંજુર કરાવેલ છે. જે અન્વયે ની ડિપોઝીટ ની રકમ રૂ.૨,૨૦૦/– તથા ટેસ્ટ રીપોર્ટ ની રકમ રૂ.૫૦/– પણ ભરપાઈ કરી આપેલ હતી. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, તાજેતર મા તેઓને, વર્ષ–૨૦૦૧ ની પ્રાશ્ચ્યાત અસરથી, '' ફીકસચાર્જ અને ઈલેકટ્રીસીટી ડયુટી '' ની તફાવતીય રકમ રૂ.૧,૫૯૫/– નુ પુરવણીબીલ અપાયેલ છે. જે, વ્યાજબી ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ રૂબરૂ ઉપસ્થિત રહી અને કરેલ મૌખીક ચર્ચા, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી મંજુલાબેન કાંતિલાલ પાબારી એ, તેઓ શ્રી એ તેમના હૈયાત એવા જોડાણ નં.: ૩૨૮૦૧/૦૨૫૧૩/૫ (૦.૫ કીવો) મા તા.૦૪–૦૫–૦૧ થી, વધારાના ૪.૫ કીવો નો વીજભાર વધારો મંજુર કરાવી અને તે મુજબ જોડાણ ને ૦૫ કીવો વાળા વીજભાર નુ કરારીત કરેલ છે. આ મુજબ ની મંજુરી અન્વયે ની ડિપોઝીટ ની રકમ રૂ.૨,૨૦૦/– તથા ટેસ્ટ રીપોર્ટ ની ફી ની રકમ રકમ રૂ.૫/– પણ અરજદારે પીજીવીસીએલ મા તા.૦૪–૦૫–૦૧ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી. પરંતુ, જે તે સમયે શરતચુક થી , સદર જોડાણ ના બીલીંગ ખાતામા કરારીત વીજભાર – જે ઈ–ઉર્જા બીલીંગ સીસ્ટમ હેઠળ અપલોડ થયેલ ન હતો. આવા કારણોસર, આ સમયગાળા દરમ્યાન સદર જોડાણ, જે ૦.૫ કીવો ના વીજભાર મુજબ નુ જ બીલીંગ એકાઉન્ટ મા રહેલ હતુ. જેથી, સ્થળ ચેકીંગ સમયે જોડાણ મા કરારીત વીજભાર કરતા વિશેષ વીજભાર વીજવપરાશી જણાતા, અરજદાર શ્રી ને, રૂ.૬૦૦/– નુ, પુરવણીબીલ અપાયેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની શરતચુક યુકત ક્ષતિ ધ્યાને આવતા, પીજીવીસીએલ તરફથી સદર વીજભાર વધારા સબબ ના પુરવણીબીલ ની રકમ રૂ.૬૦૦/– રદબાતલ કરાયેલ હતી. તેમજ, હાલ ના તબ્બકે, સદર જોડાણ ને માહે માહે જુન–૨૦૦૧ ની સ્થિતીએ જ, અગાઉ ના કરારીત વીજભાર ૦.૫ કીવો ને બદલે, ૦૫ કીવો મુજબ બીલીંગ એકાઉન્ટ મા પ્રસ્થાપિત કરવામા આવેલ છે. આ મુજબ ની કાર્યવાહી થતા, અરજદાર શ્રી પાસેથી, વર્ષ–૨૦૦૧ ની પ્રાશ્ચ્યાત અસરથી, '' ફીકસચાર્જ અને ઈલેકટ્રીસીટી ડયુટી '' ની તફાવતીય રકમ રૂ.૧,૫૯૫/– નુ પુરવણીબીલ અપાયેલ છે. જે, પીજીવીસીએલ ના નિયમાધીન વ્યાજબી છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ', તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના હૈયાત ઘરવપરાશ કેટેગરી ના જોડાણ ન.: ૩૨૮૦૧/૦૨૫૧૩/૫ મા, માહે જુન–૨૦૦૧ થી અસરકર્તા રહે તે મુજબ, ૪.૫ કીવો નો વીજભાર વધારાની મંજુરી મેળવેલ હતી. પરંતુ, પીજીવીસીએલ ની ઈ–ઉર્જા પ્રણાલી ની ક્ષતિગ્રસ્ત ભુલ ના કારણોસર, સદર જોડાણ ને માહે જુન–૨૦૦૧ ની સ્થિતીથી જ, ખરેખર વાસ્તવિક કરારીત વીજભાર ૫ કીવો મુજબ કરાયેલ ન હતુ. પરંતુ, અગાઉ ના કરારીત વીજભાર ૦.૫ કીવો મુજબ જ ચાલુ રહેલ હતુ. સદર ક્ષતિગ્રસ્ત ભુલ ની નિવારણ પીજીવીસીએલ કક્ષાએથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે થઈ ચુકેલ છે. જે ક્ષતિ નિવારણ ની કાર્યવાહી મુજબ, સદર જોડાણ ને, માહે જુન–૨૦૦૧ ની સ્થિતીએ, ૦.૫ કીવો ના બદલે ૦૫ કીવો મુજબ.ના કરારીત વીજભાર હેઠળ, બીલીગ એકાઉન્ટ માં પ્રસ્થાપિત કરવામા આવેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ની આ કાર્યવાહી ફોરમ કમિટી નિયમાધીન યોગ્ય ઠરાવે છે. પીજીવીસીએલ પક્ષકાર ની આ મુજબ ની કાર્યવાહી થતા, અરજદાર શ્રી ને વર્ષ–૨૦૦૧ ની પ્રાશ્ચ્યાત અસરથી, '' ફીકસચાર્જ અને ઈલેકટ્રીસીટી ડયુટી '' ની તફાવતીય રકમ રૂ.૧,૫૯૫/– નુ જે પુરવણીબીલ અપાયેલ છે. તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોવાનો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી અપાયેલ એવુ, વર્ષ–૨૦૦૧ ની પ્રાશ્ચ્યાત અસરથી, '' ફીકસચાર્જ અને ઈલેકટ્રીસીટી ડયુટી '' ની તફાવતીય રકમ રૂ.૧,૫૯૫/– નુ જે પુરવણીબીલ અપાયેલ છે. તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોવાનો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે..